પરિશિષ્ટ : - 1

કમ્પ્યુટર સહાયિત અધ્યયન સામગ્રી

નામાનો અર્થ

" નામું એ ધંધાના નાણાંના એકમમાં માપી શકાય તેવા વ્યવહારોને નોંધવાની, તેનું વર્ગીકરણ કરવાની અને તે પરથી તારણો કાઢીને તેનું વિશ્લેષણ કરવાની તથા તેનું અર્થઘટન કરવાની પ્રક્રિયા છે. જે તેનો ઉપયોગ કરનારાઓને બુધ્ધિગમ્ય નિર્ણયો લેવામાં મદદરૂપ થાય છે". .

પાયાનાં હિસાબી પદો

1. ધંધાકીય વ્યવહાર

ધંધાકીય વ્યવહાર એટલે બે કે તેથી વધુ વ્યક્તિઓ કે એકમો વચ્ચેની લેવડદેવડ. વ્યવહાર બે પ્રકારના હોય છે.

(1) રોકડ વ્યવહાર (2) ઉધાર વ્યવહાર

પાયાનાં હિસાબી પદો

2. મૂડી

માલિક ધંધામાં જે રોકડ, માલ કે મિલકત લાવે તેને મૂડી કહે છે.

મૂડી =
કુલ મિલકત – કુલ દેવા

(ચોખ્ખી મિલકત કે ચોખ્ખું મૂલ્ય પણ કહેવામાં આવે છે.)

પાયાનાં હિસાબી પદો

3. ઉપાડ

ધંધાનો માલિક પોતાના અંગત વપરાશ માટે ધંધામાંથી રોકડ, માલ કે મિલકત લઈ જાય તો તેને ઉપાડ કહેવામાં આવે છે.

4. મિલકત

જેનું મૂલ્ય ઊપજી શકે તેવી વસ્તુઓ ને મિલકત કહેવામાં આવે છે.
દા.ત. રોકડ, મકાન, યંત્ર, કોપીરાઇટ, પાઘડી,ફર્નિચર, ટ્રેડમાર્ક, જમીન





પાયાનાં હિસાબી પદો

મિલકતોનું વર્ગીકરણ

પાયાનાં હિસાબી પદો

- મિલકતનું વર્ગીકરણ

પાયાનાં હિસાબી પદો

5. ઊપજ

માલ કે સેવાનું ગ્રાહકોને વેચાણ કરવામાં આવે ત્યારે
ધંધાને ઊપજ થઈ ગણાય.
દા.ત. મળેલ વ્યાજ, વટાવ કે કમિશન

પાયાનાં હિસાબી પદો

6. ખર્ચેલ રકમ

કોઈ લાભ કે સેવા મેળવવા માટે નાણાં ચૂકવવામાં આવે અથવા જવાબદારી ઊભી કરવામાં આવે તેને ખર્ચેલ રકમ કહેવાય.
દા.ત. યંત્રની ખરીદી, પગારની ચૂકવણી

પાયાનાં હિસાબી પદો

7. ખરીદી

વેપારી જે વસ્તુનો વેપાર કરતો હોય તે વસ્તુને માલ કહે છે. વેપારી ધંધાનો માલ રોકડેથી કે શાખ પર મેળવે તેને માલની ખરીદી કહેવાય.

8. ખરીદ પરત

માલ જ્યારે ખરીદનાર કોઈ પણ કારણસર પરત કરે તો તેને ખરીદ પરત કહેવાય.

પાયાનાં હિસાબી પદો

9 . વેચાણ

વેપારી ધંધાનો માલ રોકડેથી કે શાખ પર ગ્રાહકને આપે તેને માલનું વેચાણ કહેવાય.

10. વેચાણ પરત

માલ જ્યારે ગ્રાહક કોઈપણ કારણસર પરત કરે તો તેને વેચાણ પરત કહેવાય.

પાયાનાં હિસાબી પદો

11. સ્ટોક

હિસાબી મુદતના અંતે છેવટે વધેલ માલને સ્ટોક કહેવાય.

આવા સ્ટોકને આખર સ્ટોક કહેવાય. બીજા વર્ષની શરૂઆતમાં તે શરૂઆતના સ્ટોક તરીકે ગણાય.

વ્યવહારોની બેવડી અસર

ધંધા માં રોજબરોજ અનેક પ્રકારની લેવડદેવડ થતી હોય છે. આવી લેવડદેવડની હિસાબી અસરો હિસાબી વ્યવહારો તરીકે નામાના ચોપડે આપવાની હોય છે. આ લેવેડદેવડ રોકડ સ્વરૂપે કે શાખના સ્વરૂપે પણ હોઈ શકે છે. વ્યવહાર બે પ્રકારના હોય છે.

આર્થિક વ્યવહાર → બિનઆર્થિક વ્યવહાર

આર્થિક વ્યવહાર

ધંધાના જે વ્યવહારોનું નાણાંમાં મૂલ્ય આંકી શકાય તેમ હોય અથવા જેમાં નાણાંની લેવડદેવડ થતી હોય તેવા વ્યવહારને ધંધાકીય દ્રષ્ટી આર્થિક વ્યવહાર કહેવાય.

દા.ત. રૂ. 10,000નો માલ ભરતે ખરીદ્યો.

બિનઆર્થિક વ્યવહાર

ધંધાકીય દ્રષ્ટીએ જે વ્યવહારોનું નાણાંમાં મૂલ્ય આંકી શકાય તેમ ન હોય અથવા જેમાં નાણાંની લેવડદેવડ થતી ન હોય તેવા વ્યવહારને બિનઆર્થિક વ્યવહાર કહેવાય.
દા.ત. પુત્રી ઉર્વીશી ના લગ્ન પ્રસંગે રૂ.20,000ની સોનાની ચેન આપી.

આર્થિક વ્યવહારનાં સ્વરૂપો

રોકડ કે નાણાં સામે

માલ કે સેવા સામે

લેણાં કે દેવાંની લેવડદેવડ

↓

ધંધાના આર્થિક વ્યવહારો

હિસાબી વ્યવહારના પ્રકાર

રોકડ વ્યવહાર

ઉધાર કે શાખનો વ્યવહાર

અન્ય વિશિષ્ટ વ્યવહાર

રોકડ વ્યવહાર

આવા વ્યવહારોમાં રોકડની લેવડદેવડ થતી હોય છે. બેન્ક મારફતે થતા વ્યવહારોને પણ રોકડ વ્યવહાર કહેવાય.

દા.ત. રૂ.1,500નો માલ રોકડેથી કે ચેકથી ખરીદ્યો.

ઉધાર કે શાખનો વ્યવહાર

આ પ્રકારના વ્યવહારમાં પ્રત્યક્ષ સ્વરૂપે રોકડની લેવડદેવડ થતી નથી, પરંતુ ભવિષ્યમાં નાણાં ચૂકવવાની શરતે લેવડદેવડ થાય છે. પરિણામે દેવાદાર લેણદારનો સંબંધ ઊભો થાય છે.
દા.ત. પૃથ્વી પાસેથી રૂ. 2,000નો માલ ખરીદ્યો.

અન્ય વિશિષ્ટ વ્યવહાર

જે વ્યવહારમાં રોકડ કે શાખનું સ્વરૂપ જોવા મળતું નથી, પરંતુ તે વાસ્તવીક વ્યવહારો હોવાથી ચોપડે તેની નોંધ કરવી જરૂરી બને છે.

દા.ત. માલ ચોરાઈ જવો, માલ આગમાં નાશ પામવો, જૂના ફર્નિચરના બદલામાં માલ મેળવવો.

હિસાબી સમીકરણ

દરેક હિસાબી વ્યવહારની બે અસર થાય છે. હવે આપણે મિલકતો, દેવાં અને મૂડી પર થતી અસરોનો અભ્યાસ કરીએ.

દ્રીનોંધી નામા પદ્ધતિમાં હંમેશા મિલકત = દેવા + મૂડી થાય. જેને હિસાબી સમીકરણ તરીકે ઓળખાય છે.

ધંધાના દરેક વ્યવહારની બેવડી અસર તપાસીએ તો એક જ પરીણામ આવે કે (1) મિલકતમાં વધ-ઘટ થાય.
(2) દેવા કે જવાબદારી માં વધઘટ થાય.

હિસાબી સમીકરણ

વાસ્તવમાં હિસાબી વ્યવહારોના કારણે જેટલો વધારો કે ઘટાડો મિલકત બાજુ થાય તેટલો જ વધારો કે ઘટાડો દેવાં કે મૂડી બાજુ પણ થાય છે. તેથી કોઈ પણ વ્યવહારથી હિસાબી સમીકરણ જે નીચે મુજબ છે જેમાં બંને બાજુ અસર થાય અથવા સમીકરણની કોઈ એક બાજુ અસર થાય પણ હંમેશાં સમીકરણ મળી રહે.

$$C + L = A$$

ખાતા નાં પ્રકારો

ખાતાનો અર્થ :---

ધંધા માં વારંવાર રોકડ ની આવક થાય, જાવક થાય, વારંવાર ખરીદી થાય, વેચાણ થાય, એક જ વ્યક્તિ સાથે વારંવાર લેવડ-દેવડ થાય.

કોઈ ચોક્કસ બાબત ને સ્પર્શતા દરેક વ્યવહારો નું જે તારણ લખીએ તે દરેક બાબતને ખાતું કહી શકાય.

ખાતા નાં પ્રકારો



વ્યક્તિઓનાં ખાતાં

ધંધામાં ઉધાર વ્યવહારો જીવંત વ્યક્તિ, સંસ્થા કે કૃત્રિમ વ્યક્તિ શાથે કરવામાં આવે છે.

માલ -મિલકત નાં ખાતાં

માલ નો અર્થ

ધંધા માં વેપારી જે ચીજ વસ્તું નો વેપાર કરતો હોય તેને માલ કહેવાય છે .



માલ -મિલકત નાં ખાતાં

માલ નો અર્થ

ધંધા માં વેપારી જે ચીજ વસ્તું નો વેપાર કરતો હોય તેને માલ કહેવાય છે .



<u>મિલકત નો અર્થ</u>

ધંધાની પોતાની માલિકી ની અને નાણાકીય મૂલ્ય ધરાવતી વસ્તુ કે હક ને મિલકત કહી શકાય.

<u>ઊપજ-ખર્ચ નાં ખાતાં</u>

ધંધો ચલાવવા માટે કેટલાક ખર્ચા કરવા પડતા હોય છે.

ધંધા માં આવક કે ઊપજ પણ થતી હોય છે.

આવા ખાતા ને ઊપજ-ખર્ચ ના ખાતાં કહે છે.

ખર્ચ ના ખાતાં

- મજૂરી ખાતું, પગાર ખાતું
- ઘસારા ખાતું, વીજળીખર્ચ નું ખાતું

ઊપજ ના ખાતા

- મળેલ વ્યાજ અને વટાવ નું ખાતું.
- મળેલ કમિશન નું ખાતું

ઉદાહરણ:-1 નીચે આપેલ ખાતા નું વર્ગીકરણ કરો.

1. રોકડ ખાતું
2. આવકમાલ ગાડાભાડાનું ખાતું
3. દેવાદાર નું ખાતું
4. યંત્ર ખાતું
5. નમૂના તરીકે વહેંચેલ માલના ખર્ચ નું ખાતું
6. કોપીરાઇટ નું ખાતું
7. પેટન્ટ નું ખાતું
8. ડેમરેજ નું ખાતું
9. ઈફ્કો નું ખાતું
10. ડેડસ્ટોકનું ખાતું

ઉધાર જમાના નિયમ

ખાતું ઉધાર-જમા કરવાની રીત (સોપાન)

1. વ્યવહાર આર્થિક છે કે બિન આર્થિક તે નક્કી કરો.
2. વ્યવહારમાં સંકળાયેલા ખાતા નક્કી કરો.
3. ખાતા નો પ્રકાર નક્કી કરો.
4. ઉધાર–જમાનો નિયમ લાગુ પાડી નોંધ કરો.

ઉદાહરણ :-2 નીચેના વ્યવહારો માં ખાતું નક્કી કરી ક્યું ખાતું ઉધાર થશે અને કયું ખાતું જમા થશે તે જણાવો.

1. કમિશન ના રૂ. 250 રોકડા મળ્યા .
2. રૂ. 200નો માલ રીટા એ પરત કર્યો .
3. રૂ. 1200ની સાઈકલ ખરીદી .
4. અંકિતાને રૂ. 150 દલાલીના ચૂકવ્યા.
5. સુમિતને રૂ. 1500નો માલ શાખ પર વેચ્યો.
6. રૂ. 200નો માલ સુમિતે પરત કર્યો.
7. જયશ્રી ને રૂ. 4,000 પગાર ચૂકવ્યો.
8. તાર-ટપાલખર્ચના રૂ. 50 ચૂકવ્યા.
9. રૂ. 1000 પાર્થ ને મજૂરીના ચૂકવ્યા.
10. બેંક ઓફ બરોડામાંથી રૂ. 500 પરચૂરણ ખર્ચા ચૂકવવા ઉપાડ્યા

પરિશિષ્ટ : - 2

ઉત્તર-કસોટી

માર્ગદર્શક: - **સંશોધક : -**

ડૉ. સુલભા નટરાજ

પ્રો. વેમેડ કોલેજ ઓફ એજ્યુકેશન

સરદાર પટેલ યુનિવર્સિટી

વલ્લભ વિદ્યાનગર

અડિયોલ જયશ્રી સી.

એમ. એડ.

ધોરણ : 11 **વિષય** : - નામાના મૂળતત્ત્વો

એકમો : નામાનો અર્થ અને પરિભાષિત શબ્દો, **કુલ ગુણ** : - 20

હિસાબી વ્યવહારોની બેવડી અસર અને ખાતાના પ્રકાર

વિદ્યાર્થીનું નામ :___________________ **તારીખ:--**

સ્કૂલનું નામ :___________________ **સમય:--- 1 કલાક**

પ્રશ્ન:-1 નીચેનાં ખાતાનું વર્ગીકરણ કરો. (05)

1. દેના બેંક નું ખાતું :_________
2. ફર્નિચર નું ખાતું :_________
3. ડિબેન્ચર નું ખાતું :_________
4. આગમાં નાશ પામેલ માલ નું ખાતું :_________
5. સહકારી મંડળી નું ખાતું :_____________

પ્રશ્ન : - 2 ખાલી જગ્યા પૂરો (05)

1. -------- વ્યવહારોનું ચોપડે નામું લખાય છે.
2. દ્વિનોંધી નામાપધ્ધતિ મુજબ દરેક વ્યવહારની ------ -અસર ઉદભવે છે.
3. વેપારી ધંધાનો માલ રોકડેથી કે શાખ પર ગ્રાહકને આપે તેને ------ કહેવામાં આવે છે.
4. આવકવેરાનું ખાતું એ -------- ખાતું છે.
5. ઉપાડ એ ----- ખાતું છે.

પ્રશ્ન : - 3 નીચેના વિધાનો ખરાં છે કે ખોટાં તે જણાવો. (05)

1. મૂડી ખાતું ઊપજ- ખર્ચ પ્રકારનું ખાતું છે.
2. ટાટા મિલ્સના શેરનું ખાતું મિલકત ખાતું છે.
3. નાણાંમાં મૂલ્ય આંકી શકાય તેવા વ્યવહારને બિનઆર્થિક વ્હવહાર કહેવામાં આવે છે.
4. શાખ પરના વ્યવહારોની અસર રોકડ ખાતે થાય છે.
5. મૂડી = કુલ મિલકતો – કુલ દેવા

પ્રશ્ન:-4 નીચેના વ્યવહારોમાં કયુ ખાતું ઉધાર થશે અને ક્યુ ખાતું જમા થશે તે જણાવો (05)

1 પૃથ્વિ એ રૂ. 30,000 ની મૂડીથી ધંધો શરૂ કર્યો .

2 રૂ. 1500 નો માલ ઉર્વશી ને વેચ્યો.

પરિશિષ્ટ - 3

ધારણ - કસોટી

માર્ગદર્શક: - **સંશોધક : -**

ડૉ. સુલભા નટરાજ અડિયોલ જયશ્રી સી.

પ્રો. વેમેડ કોલેજ ઓફ એજ્યુકેશન એમ. એડ.

સરદાર પટેલ યુનિવર્સિટી

વલ્લભ વિદ્યાનગર

ધોરણ : 11 **વિષય** : - નામાના મૂળત્તત્વો

એકમો : નામાનો અર્થ અને પરિભાષિત શબ્દો, **કુલ ગુણ** : - 20

હિસાબી વ્યવહારોની બેવડી અસર અને ખાતાના પ્રકાર

વિદ્યાર્થીનું નામ :____________________ **તારીખ:--**

સ્કૂલનું નામ :____________________ **સમય:--- 1 કલાક**

પ્રશ્ન:-1 નીચે આપેલ પદો ની સમજૂતી આપો. **(05)**

1. મૂડી અને ઉપાડ

2. ચાલુ મિલકત અને દ્રશ્ય મિલકત

પ્રશ્ન : - 2 નીચે આપેલા પ્રશ્નોનાં જવાબ ટૂંકમાં જણાવો. (10)

1. ખરીદી એટલે શું ?

2. રોકડ વ્યવહાર કોને કહેવાય.

3. અન્ય વિશિષ્ટ વ્યવહારનાં કોઈ પણ બે ઉદાહરણ જણાવો.

4. મિલકત ખાતાનો નિયમ જણાવો.

5. હિસાબી સમીકરણ જણાવો.

પ્રશ્ન :- 3 તફાવત સમજાવો. **(05)**

1. **આર્થિક વ્યવહાર અને બિનઅર્થિક વ્યવહાર.**

2. રોકડ **વ્યવહાર અને ઉધાર વ્યવહાર.**

પરિશિષ્ટ : - 4

પ્રાયોગિક જૂથની પ્રતિપોષણ અભિપ્રાયાવલી

માર્ગદર્શક: - **સંશોધક : -**

ડૉ. સુલભા નટરાજ અડિયોલ જયશ્રી સી.

પ્રો. વેમેડ કોલેજ ઓફ એજ્યુકેશન એમ. એડ.

સરદાર પટેલ યુનિવર્સિટી

વલ્લભ વિદ્યાનગર

ધોરણ : 11 **વિષય** : - નામાના મૂળત્તત્વો

વિદ્યાર્થીનું નામ :__________________ **તારીખ:--**

સ્કૂલનું નામ :__________________

નીચે આપેલ વિધાનો વાંચી વિધાનની સામે હા (√) કે ના (√) ની સામે નિશાની કરો

ક્રમ.	વિધાન	હા	ના
1.	કમ્પ્યુટર દ્વારા કોઈ પણ વિષય શીખવામાં મજા આવે છે.		
2.	કમ્પ્યુટર દ્વારા શીખવામાં વધુ સમય લાગે છે.		
3.	કમ્પ્યુટર દ્વારા શીખવાતી વિગતો વધુ લાંબાં સમય સુધી યાદ રહે છે.		

4.	નરી આંખે દેખાતી બાબતો સમજવા માટે કમ્પ્યુટરની આકૃતિઓ વધુ મદદરૂપ થાય છે.		
5.	આ પદ્ધતિથી એકમમાં આવતી નાની-નાની વિગતો શીખી શકું છું		
6.	કમ્પ્યુટર દ્વારા શીખવા કરતા શિક્ષકની મદદ વડે વધુ શીખી શકાય છે.		
7.	આ પધ્ધતિથી શીખતી વખતે ધ્યાન કેન્દ્રિત કરી શકું છું .		
8.	આ પધ્ધતિથી શીખતા એકમને ગોખવો પડતો નથી.		
9.	આ પધ્ધતિથી શીખતા જલદી યાદ રહી જાય છે.		
10	આ પધ્ધતિથી શીખેલું લભદાયક બને છે.		

મુક્ત જવાબી પ્રશ્નો

1. **આ સીડીમાં તમને અભ્યાસને લગતી વસ્તુમાં શું વધારે ગમ્યું ?**

2. **આ પધ્ધતિ માં તમને કયો મુદ્દો શીખવામાં મુશ્કેલી પડી ?**